## ફોર્મ ૪૦૨ ઓનલાઇન મેળવવા માટે કરવાની થતી કામગીરી :

(સરળ સ્ટેપ્સમાં)

1. સૌપ્રથમ ઇન્ટરનેટ ની મદદથી ખાતાની વેબસાઇટ www.commercialtax.gujarat.gov.in પર જવું.
2. ડાબી બાજુએ આવેલ યુઝર આઇડીમાં કોલમમાં તમારો ટીન નંબર તથા પાસવર્ડ કોલમમાં તમારો પાસવર્ડ આપવો તથા “ડીલર” નું ઓપ્શન સિલેકટ કરી લોગ-ઇન થવું.
3. આપની સમક્ષ આપના ડીલર એકાઉન્ટનું હોમપેજ ઓપન થશે. જેમાં ડાબી બાજુએ આપેલ ઇ-સર્વીસીઝના મેનુ ની બીજી લિંક ( **ઇ-ચેકપોસ્ટ**) પર કિલક કરતા પાંચ જુદી જુદી લિન્ક્સ દેખાશે જે પૈકી બીજી લિંક (**ચેક્પોસ્ટ સબમીશન**) ની છે જેની પર ક્લિક કરતાં ચેક્પોસ્ટ ફોર્મ ટાઇટલ દર્શાવતું પેજ ઓપન થશે.
4. આ પેજમાં નીચેની ફ્રેમમાં ફોર્મ નંબર ૪૦૨ સ્પેસીફાઇડ ગુડઝ માટે તથા ફોર્મ નંબર ૪૦૨ નોનસ્પેસીફાઇડ ગુડઝ માટે એમ બે લિંકસ આપેલ છે. (બન્ને પ્રકારમાં કયા ગુડઝ આવે તે જોવા માટે બાજુમાં દર્શાવેલ લિસ્ટની લિંક પર ક્લિક કરવાથી એક્સેલ શીટમાં આ ગુડઝની વિગતો આપેલ જોવા મળશે.)
5. આપને માટે જરુરી હોય તે લિંક પર (સ્પેસીફાઇડ કે નોનસ્પેસીફાઇડ ગુડઝ) પર ક્લિક કરવાથી ટેમ્પલેટ ડાઉનલોડ અને અપલોડ કરવા માટેની લિંક મળશે. (જો સ્પેસીફાઇડ ગુડઝ માટેની લિંક પર ક્લિક કરેલ હશે તો ટેમ્પલેટ સ્પેસીફાઇડ ગુડઝ માટેજ મળશે, આ જ બાબત નોનસ્પેસીફાઇડ ગુડઝ માટે પણ લાગુ પડશે.
6. આપને જરુરી એવું ફોર્મ આપેલ લિંક (**Download Template For Goods Moving Outside From the State** Form 402) પર ક્લિક કરવાથી ફાઇલ ડાઉનલોડનો મેસેજ સ્ક્રીન પર આવશે. જેને “સેવ” ના બટન પર ક્લિક કરવાથી આપને ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ ક્યાં સેવ કરવું છે તે પુછતો “ડાયલોગ બોક્સ” આવશે જેની પર યોગ્ય જગાએ ફાઇલ સેવ કરવી.
   **(ઉપર દર્શાવેલ બે લિંકસ પૈકી પ્રથમ લિંક સેમ્પલના ફોર્મની છે, જે માત્ર ડાઉનલોડેડ ટેમ્પલેટ કેવાં હોય તે જોવા માટે આપેલ છે, જેની પરથી ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ પ્રોસેસ કરવા માટે ઉપયોગી નથી જેની ખાસ કાળજી રાખવી.)**
7. હવે ડાઉનલોડ કરેલ ટેમ્પલેટ (ત્રણ એક્સેલ શીટ) ને ભરવાની કામગીરી કરવી. પ્રથમ એકસેલ શીટ સામાન્ય માહિતી માટે, બીજી કોમોડીટી ડીટેઇલ માટે તથા ત્રીજી શીટ ટ્રાંસપોર્ટરની ડીટેઇલ માટેની છે. જેમાં આપના વ્યવહારની માહિતી ભરવી (ટુલ ટીપનો ઉપયોગ કરવા વિનંતી છે.)
8. એક્સેલ શીટ ભરતી વખતે ‘સેલ’ પર માઉસ પોઇન્ટર મુકવાથી દર્શાવાતી ટુલ ટીપ ની સુચનાઓ ધ્યાને રાખવી તથા જે ‘સેલ’ પર લાલ રંગના તારાની (*) નિશાની કરેલ છે, તે ફિલ્ડ ભરવા ફરજીયાત છે તે બાબત ધ્યાને લેવી.

9. આ માહિતી ભરી ફરી પાછા આપના લોગઇન માં ટેમ્પલેટ ડાઉનલોડ માટેના ઓપન થએલ પેજ પર આવી જવું. ત્યાંથી અપલોડની કાર્યવાહી શરુ કરવી. આ માટે પહેલાં ડોક્યુમેન્ટ ટાઇપ (હાલ ફોર્મ-૪૦૨) સિલેક્ટ કરવું. નીચે આપનો મેલ આઇડી આપવો. (જે ફરજીયાત છે જેની પર આપને ઇ-મેઇલ મોકલવામાં આવનાર છે) તથા છેલ્લાં કોલમમાં "બ્રાઉઝ" બટનથી, ભરેલ ટેમ્પલેટ એટેચ કરવું અને અપલોડ બટન પ્રેસ કરતાં અપલોડીંગની કામગીરી શરુ થશે.

10. એક્સેલ શીટ ભરીને અપલોડ કરતાં પહેલાં વેપારીએ પોતાની રાજયમાંની અન્ય શાખાથી માલ રવાના કરેલ હોય અને તે બ્રાંચની વિગતો ફોર્મ ૪૦૨ ના એડ્રેસના કોલમમાં આવી જોઇએ તેમ હોય તો, તે માટેનું ઓપ્શન અપલોડ કરતી વખતે સ્ક્રીન પર દર્શાવવામાં આવેલ છે, જેમાં આપેલ ડ્રોપડાઉન મેનું માંથી જે બ્રાંચથી માલ રવાના કરેલ હોય તે બ્રાંચ સિલેકટ કરવાથી જે તે બ્રાંચ નું એડ્રેસ જ તેના કોલમમાં આવશે. જે વેપારીને માત્ર એક જ બ્રાંચ હોય તેને આ બાબત લાગુ પડશે નહીં.
11. અપલોડ ની પ્રોસેસ દરમ્યાન આવતી સુચનાઓ ધ્યાનપુર્વક જોવી તથા તે મુજબ કરવું. અપલોડ થએલ ટેમ્પલેટ માં જો એરર (ભૂલ) હશે તો, કઇ શીટનાં કયા કોલમમાં એરર છે તે દર્શાવવામાં આવશે જેથી "બેક" જઇને થએલ ભૂલ સુધારીને ટેમ્પલેટ ફરી અપલોડ કરવું. (સ્ટેપ ૮ મુજબ)

12. અપલોડ થએલ ફાઇલમાં એરર ન આવે ત્યારે ડાટા વેલીડેટ થઇને **"No Error Found"** એવો મેસેજ મળતાં,નીચે **"સબમીટ"** નું બટન હશે જેને ક્લિક કરતાં જ ફોર્મ અપલોડ થયાની રીસીપ્ટ તથા પીડીએફ લિંક આપના ઓપન પેજ પર મળશે.
13. રીસીપ્ટ (બારકોડેડ) ની નીચે આવેલ પીડીએફ લિન્ક પર ક્લિક કરતાં ફોર્મ ૪૦૨ (બારકોડેડ) ઓપન થશે જેની ૩ નકલ ની પ્રિંટઆઉટ મેળવી લેવાની રહેશે તથા જરુરી નકલ પોતાની પાસે રાખી બાકીની નકલ વાહન ચાલક સાથે રવાના કરવામાં આવી શકશે. આ ફોર્મની નકલ આપના કોમ્પ્યુટરમાં સેવ પણ થઇ શકશે.

નોંધ : આ માટે............

***આપની કોમ્પ્યુટર સિસ્ટમ માં નીચે મુજબની જરુરીયાતો હોવી ફરજીયાત છે.***

વિન્ડોઝ ઓપરેટીંગ સિસ્ટમ્સ (૯૮ થી ઉપરની)///એમ.એસ.ઓફીસ (એક્સપી અને તેની ઉપરના વર્ઝનસ) ///અડોબ એક્રોબેટ રીડર (૫.૦ થી ઉપરનું વર્ઝન)///ઇન્ટરનેટ એક્સપ્લોરર (૫.૦ થી ઉપરનું વર્ઝન) ///ઇન્ટરનેટ કનેકટીવીટી (પ્લગ ટુ સર્ફ, બ્રોડબેન્ડ વિગેરે)///પ્રિન્ટઆઉટ લેવા માટે ડીએમપી-ઇન્કજેટ કે લેસર પ્રિન્ટર (ઇન્કજેટ કે લેસર પ્રિન્ટરથી પ્રિન્ટ લેવાય તે વધુ ઇચ્છનીય છે કારણકે ડીએમપી માં બારકોડ યોગ્ય રીતે પ્રિન્ટ ન થતાં હોઇ ચેકપોસ્ટ પરના બારકોડ રીડરને સ્કેનીંગમાં તકલીફ થઇ શકે છે.

***અન્ય ધ્યાને રાખવાની બાબતો :***

૧. ફોર્મમાં દર્શાવ્યા મુજબની ચેકપોસ્ટ પરથી વાહન પસાર થાય તેવો આગ્રહ રાખવો.

૨. જનરેટ થએલ ફોર્મ બારકોડેડ છે જેની ડુપ્લીકેટ કે નકલ શક્ય નથી.

3. એક ફોર્મમાં એકથી વધુ ઇન્વોઇસનો/કોમોડીટીનો (મહત્તમ 20) સમાવેશ થઇ શકશે.

૪. એક ટ્રકમાં માલ મોક્લનાર અલગ અલગ વેપારી માટે અલગ અલગ ફોર્મ જનરેટ કરવાનું રહેશે.

૫. એક ટ્રકમાં માલ મોકલનાર વેપારી એક, પરંતુ ખરીદનાર વેપારી અલગ હોય તો તેને માટે પણ અલગ ફોર્મ જનરેટ કરવું પડશે.

૬. જનરેટ થએલ ફોર્મ વિષે આપને આપના ઇ મેલ એડ્રેસ પર ઇ-મેલ મોકલવામાં આવશે.

૭. જો પરપ્રાંતનો વેપારી સી.એસ.ટી. નંબર ન ધરાવતો હોય તો ટેમ્પલેટમાં કોલમ ૧૬ માં, ડ્રોપડાઉન મેનું માં થી 'No' સિલેક્ટ કરી આગળ વધવું, જો 'Yes' સિલેક્ટ કરવામાં આવેતો બાજુના કોલમમાં સી.એસ.ટી.દર્શાવવો જરુરી છે.

**૮. જો કોઇ કારણસર જનરેટ થએલ ફોર્મ ડાઉનલોડ કરવાનું બાકી રહે તો, આપના લોગઇન માં જઇને ડાબી બાજુએ જનરલ ટાઇટલ હેઠળ "ડુપ્લીકેટ રીસિપ્ટ" ની લિંક છે, જયાં ક્લિક કરવાથી CHECK POST SUBMISSION ની લિંક મળશે જેમાં ચેકપોસ્ટ સબમીશન પર કિલક કરવાથી આપના દ્વારા અગાઉ મેળવાએલ તમામ ફોર્મસ ની લિંકસ મળશે જેની પર ક્લિક કરવાથી જનરેટ થએલ રીસીપ્ટ અને ફોર્મ ૪૦૨ ની પિડીએફ લિંક મળી શકશે જેની પર ફરીથી ક્લિક કરવાથી ફોર્મ જનરેટ કરીને તેની પ્રિન્ટ આઉટ મેળવી શકાશે.**

## Duplicate Acknowledgement Receipt

| |
|---|
| MARG (Monitoring And Recording of Goods movement) |
| Checkpost Submission |
| 403 Series Generation |
| Duplicate Receipt from C-Form Additional |